647510 0101201E1042 Seat No: ___________

# B.A. Semester - 2 (CBCS) Examination
# March/April- 2019 (Old Course)
# GUJARATI : P4 SARJAN LEKHAN KAUSHAL-2
# (ELECTIVE-1)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

''વિવેચનના સિંહાસન પર બેસવા આવનારને સૌથી પહેલો ને અગત્યનો ધર્મગુણ તો એની સત્યનિષ્ઠા છે. વિવેચનનું સિંહાસન એ ધર્માસન છે. એના ઉપર બેસીને વિવેચકે અદલ ઇન્સાફ આપવાનો છે. અને તેથી પોતાને હાથે કોઇને પણ જરાપણ અન્યાય ન થઇ જાય એટલા માટે પોતાની સમક્ષ આવેલી સાહિત્યકૃતિ ખરેખર કેવી છે, તે કાળજીપૂર્વક તપાસી જઇ તેને વિશે પોતાનો સાચો નિર્ણય જણાવવો એ તેની મુખ્ય ફરજ છે. આપણા એક વિવેચકે એકવાર કહેલું કે એમાં એક બાજુથી કવિને એમ કહેવા જેવું છે કે તારૂં રચેલું કાવ્ય તું નથી સમજતો હું સમજું છું, અને બીજી બાજુથી વાચકને એમ કહેવા જેવું છે કે તારા માટે રહેલું કાવ્ય તું બરાબર નહીં સમજી શકે, માટે લાવ હું તને સમજાવું. પણ વિવેચકનું આ કથન તો મારવા જાય બીજાને ને મારી બેસે પોતાની જાતને એવું આંધળાનાં ગોળીબાર જેવું છે. અને જો ધૃષ્ટતા ક્યાંક રહેલી હોય તો તે વસ્તુતઃ વિવેચનમાં નહિ પણ વિવેચનને ધૃષ્ટ કહેવા આવનારમાં રહેલી છે; કેમ કે જગતમાંથી કવિ અને વાચક ઉભયને વિવેચકની અગત્ય છે.'' - વિશ્વનાથ મ. ભટ્ટ

અથવા

પ્રશ્ન-૧ ''પ્રેમનો જન્મ પરસ્પરના સમભાવથી થાય છે, સમભાવ પ્રેમનું બીજ છે. એમાંથી જન્મ તો પ્રેમ સ્થૂલથી પર છે. એ ચાહે છે પરસ્પરનાં હ્રદયનું આકર્ષણ હ્રદયનો વિનિમય પરસ્પરનાં હ્રદયનું પૂજન. ત્યાં સુધી અને સ્વરૂપ ઊર્ધ્વગામી છે, દેવી છે, પરસ્પરને પાવન કરનારું છે. પરંતુ સમભાવથી જન્મેલો પરસ્પરનાં હ્રદયૈકયને ચાહતો પ્રેમ જ્યારે સ્ત્રી અને પુરૂષ વચ્ચે બંધાય છે ત્યારે એના સ્વરૂપને સમજવું ખૂબ જરૂરી છે. એના બે પક્ષ છેઃ એક સૂક્ષ્મ અને બીજું સ્થૂલ. સૂક્ષ્મ માર્ગે જનાર પ્રત્યેક વ્યક્તિ પામી વ્યક્તિનું પૂજન કરે છે, એને હ્રદયમાં સ્થાપે છે. અને પ્રેમના પૂજન દ્વારા પોતાના હ્રદયને, પોતાના જીવનને ઉન્નત બનાવે છે. પરંતુ વ્યક્તિ જ્યારે સ્થૂલ પક્ષે ચાલી જાય છે, ત્યારે એ પોતાનો વિનાશ નોતરે છે. સ્થૂલ સૌંદર્યને ચાહનારા કદી પણ સુખ પ્રાપ્ત કરી શકનાર નથી જ.''

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

''ખોટાં અભિમાન રાખવાથી દેશને કંઇપણ ફાયદો નથી. જે વાત આપણામાં નકારી હોય તેને જાણીને કે અજાણમાં આપણે સારી કહીશું તેથી કદી પણ તે સારી થવાની નથી. આપણે સારી કહીશું તેથી બીજા લોકો સારી કહેવાના નથી. જાણી જોઇને નકારી વાતને સારી માનવાથી મોટામાં મોટું નુકસાન એ છે કે તેને કોઇ વખત સારી થવાનો સંભવ રહેતો નથી. આપણા શરીરમાં રોગ થયો હોય અને આપણે અભિમાનથી એમ જ માનીએ કે આપણે નિરોગી છીએ તો નિશ્ચય એ અભિમાનનું પરિણામ મરણ સિવાય બીજું કદી થવાનું નથી. આપણે નિર્ધણ હોવા છતાં ધનવાન છીએ એમ માની મદમાં ફર્યા કરીએ તો આપણે દરિદ્રતામાં જ સડ્યા કરીએ એમાં શું આશ્ચર્ય? આપણને એકપણ અક્ષર ન આવડતો હોય છતાં મહાપંડિતનો ગર્વ રાખીએ તો તેથી શું કદી પણ વિદ્યાના જે લાભ છે તે મેળવવાને શક્તિમાન થઇશું? જેવું એક માણસનું તેવું દેશનું સમજવું. દેશનો ખોટો અભિમાન દેશીઓ રાખે, તેનાં દૂષણો તરફ નજર ન કરે, દૂષણો દેખે તો પણ તેને ભૂષણરૂપ માનીને, દેશની ખરાબી થતી હોય તો પણ બડાઇને સારુ બહુ આબાદ

છે એવા તડાકા મારે તો બેશક તે દેશ પાયમાલ થયા વિના રહે નહીં. એવા મિથ્યાભિમાનીઓને દેશાભિમાની કહેવાને બદલે દેશના ખરેખરા દ્રોહી કહેવા જોઇએ. તેઓમાં દેશપ્રીતિ નથી, પણ મૂર્ખાઇમાં ઘરનો બહુ નાશકારક ગર્વ છે.'' – નર્મદ.

અથવા

પ્રશ્ન-૨ ''મેં જીવનમાં કદી પાછું વાળીને જોયું નથી. જીવનનો જે પંથ કાપી નાખ્યો એની ઉપર વારંવાર નજર નાખ્યા કરવાથી શો ફાયદો? મેં તો એક નિશ્ચય કરી નાખ્યો છે કે એકવાર જીવનનું નાવ ભવસાગરમાં છૂટું મૂકી દીધા પછી એનું લંગર જ કાપી નાખવું; અને તેથી ભૂતકાળ તરફ જનર કરવાની મને કદી ઇચ્છા જ નથી થતી. વળી ભવિષ્યની પણ હું ચિંતા કરતો નથી. કલ્પિત મુશ્કેલીઓ ઊભી શા માટે કરવી? અને એના વિચારથી ડર શા માટે ખાધા કરવો? મનને વગર કારણે કમજોર શા માટે બનાવવું? તોફાનો ઊઠશે જ એવું શા માટે માની લેવું? જો તોફાનો આવવાનાં હોય તો ભલેને આવે! એની સામે ખેલી લેવું એ જ સાચો ને ઉત્તમ માર્ગ છે. કેવળ બચવાનો જ વિચાર-કરનારા જીવન-ઝંઝાવત સામે કેટલા દિવસ બચતા રહેશે? જંગલમાં ફરવા નીકળેલી બકરી હિંસક પ્રાણીઓની નજરમાંથી ક્યાં સુધી બચતી રહેવાની? જે એક દિવસ થવાનું જ છે તે ભલેને આજે થઇ જતું! હું તૈયાર થઇને જ બેઠો છું.''

-દાગ હેમરશિલ્ડ

પ્રશ્ન-3 (અ) નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ગદ્યખંડ ફરીથી લખો. (૦૭)

''દેશપ્રેમ વિવેકાનંદની રગેરગમાં ઊછળતો હતો ભારતનાં જૂના ઋષિ જ ભાષામાં તેમણે દેશનાં યુવકોને હાકલ કરી છે ઊઠો જાગો અને હવે વધુ ઊંઘો નહિ લોખંડી સ્નાયુઓ અને કુશાગ બુદ્ધિનો સંયોગ થાય તો આખું જગત તમારા ચરણોમાં પડે એ એમની સલાહ સદૈવ સ્મરણમાં રાખવા જેવી છે. એક ભાષણમાં એમણે છે લોકોને માટે એટલી લાગણી રાખો કે એ તમને પોતાના અંગ જેવા લાગે તમને અનુભવ થાય કે તમે અને તેઓ ગરીબ અને શ્રીમંત સંત અને પાપી એ બધા જેને બ્રહ્મ કહો છો તે અનંત અખંડનાં અંશ છે એક પત્રમાં એમણે લખ્યું છે જે ઇશ્વર જે ધર્મ કોઇ વિધવાનાં આંસુઓ લૂછી ન શકે કે કોઇ અનાથનાં મુખમાં રોટલાનો ટૂકડો મૂકી ન શકે તેવા કોઇ ઇશ્વર કે ધર્મમાં હું માનતો નથી.''

અથવા

''સાહેબ મગન આણે જેલના સળિયા હજી જોયા લાગતા નથી લખમણ તમારા જેટલો અનુભવ ઇમનં ચ્યાંથી વોય સાએબ સાહેબ ચાલ મગન આ લોકો સાથે જીભાજોડી કરવા જેવી નથી પચ્ચીસ પચ્ચાસનો દંડ ભરવો પડશે ત્યારે સીધો થશે રામુ દંડ કઇ બાબતનો સાએબ સાહેબ તમે અમારા ગ્રાહક નથી તમારી સાથે હું વાત નહિ કરું રામુ પણ નાગરિક તો ખરો કે નઇ સાહેબ તમારા જેવા બધાને હું ક્યાં જવાબ આપતો ફરું રામુ તો પછં ઘરમાં જ બેહી રો નં કુણ ચોખા મેલવા આયું તું તે આંય પધાર્યા મગન રામલા જરા ભાનમાં આવ તારા ભલા માટે કહું છું આ તો બહુ મોટા સાહેબ છે.''

પ્રશ્ન-3 (બ) નીચેના સમાસનાં વિગ્રહ કરી ઓળખાવો. (કોઇપણ સાત) (૦૭)

| | |
|---|---|
| (૧) વહેલું મોડું | (૬) નિરાશ |
| (૨) પ્રભુ નિષ્ઠા | (૭) અગ્રજ |
| (૩) કંઠસ્થ | (૮) કૃપાપાત્ર |
| (૪) નિસ્તેજ | (૯) હળવે-હળવે |
| (૫) ખુશમિજાજ | (૧૦) વરદાન |

પ્રશ્ન-૪ (અ) નીચેનામાંથી કોઇપણ સાત રૂઢિપ્રયોગનાં અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (૦૭)

| | | | |
|---|---|---|---|
| (૧) | વાળ ઝડી જવા | (૬) | ઓછું આવવું |
| (૨) | તાશીર ફેરવવી | (૭) | ભીંત ભૂલવી |
| (૩) | પુષ્ટિ મળવી | (૮) | ગોથાં ખાવા |
| (૪) | જામી જવું | (૯) | આંદોલિત થઇ ઉઠવું |
| (૫) | બે પાંદડે થવું | (૧૦) | વલોપાત કરવો. |

પ્રશ્ન-૪ (બ) નીચે આપેલી કહેવતોનાં અર્થ આપો. (કોઇપણ સાત) (૦૭)

(૧) ઘેર ઘેર માટીના ચૂલા.

(૨) બુદ્ધિ આગળ બળ પાણી ભરે.

(૩) ખોદે ઉંદર ને ભોગવે ભોરિંગ.

(૪) ઊતર્યો અમલદાર કોડીનો.

(૫) આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ.

(૬) અકકર્મીનો પડિયો કાણો.

(૭) ગોર પરણાવી આપે, ઘર ન ચલાવી આપે.

(૮) દલાલ સોદો કરાવી આપે, લેવું દેવું ઘણીએ ઘણીને.

(૯) કરણી તેવી પાર ઉતરણી.

(૧૦) ઉતાવળા સો બાવરા; ધીરા સો ગંભીર.

પ્રશ્ન-૫ નીચેનાં ચાર પૈકી કોઇપણ બે પ્રશ્નનાં મુદ્દાસર જવાબ આપો. (૧૪)

(૧) તત્પુરૂષ સમાસ ઉદાહરણ સાથે સમજાવો.

(૨) ગદ્યખંડનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરી વખતે કઇ બાબતો ધ્યાનમાં રાખવામાં આવે છે?

(૩) અર્ધવિરામ, પ્રશ્નચિહ્ન અને ગુરૂરેખા વિશેની સમજ ઉદાહરણ સાથે સમજાવો.

(૪) કહેવતોમાં સમાજ-વ્યવહારનું પ્રતિબિંબ.

**********************************